જા.નં. ૩૩૯/૨૦૨૨
ફોજદારી શાખા,
જીલ્લા ન્યાયાલય,આણંદ
તા.૦૨/૧૧/૨૦૨૨

પ્રતિ,
(૧) મે.ત્રીજા એડી.સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટ,આણંદ
(૨) મે.એડી.સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટ,ખંભાત

વિષયઃ– ફોજદારી પરચૂરણ અરજી નં.૬૧૭/૨૦૨૨ ના કામે આંક– ૧લગત થયેલ હુકમની અમલવારી બાબત

સવિનય ઉપરોક્ત વિષયે જણાવવાનું કે,સદર કામે અરજદાર તરફે સ્પે.પબ્લીક પ્રોસીક્યુટર શ્રી.રઘુવીર એન.પંડ્યાનાઓએ ફોજદારી કાર્યવાહી સંહીતાની કલમ – ૪૦૮ મુજબ હાલની અરજી કરી ખંભાતના એડી.સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં ચાલતા સેશન્સ કેસ નં.૨/૨૦૨૨,સે.કે.નં.૩/૨૦૨૨,સે.કે.નં.૫/૨૦૨૨,સે.કે.નં.૭/૨૦૨૨,સે.કે.નં.૮/૨૦૨૨ કે જે ખંભાત તાલુકાની હકુમતના હોય હાલમાં ખંભાત એડી.સેશન્સ કોર્ટમાં ચાલતા હોઈ તેમજ આ જ આરોપીઓ સામેના અન્ય સેશન્સ કેસ નં.૨૯/૨૦૨૦,સે.કે.નં.૩૪/૨૦૨૦ કે જે વિરસદ પો.સ્ટે. ના ગુનાના હોય તે કેસો આણંદના ત્રીજા એડી.સેશન્સ કોર્ટમાં ચાલતા હોય તે તમામ કેસોમાં આરોપીઓ એક જ હોય એક જ પ્રકારની મોડસ ઓપરેન્ડી થી જુદી જુદી વ્યક્તિઓને ભોગ બનાવેલ હોઈ અને ન્યાયિક પ્રક્રિયા સરળ બને જેથી ખંભાત કોર્ટમાં ચાલતા સેશન્સ કેસો આણંદની કોર્ટમાં તબદીલ કરવા અથવા આણંદની કોર્ટમાં ચાલતા સેશન્સ કેસો ખંભાતની કોર્ટમાં તબદીલ કરવા અરજ ગુજારેલ છે,જે અરજી અન્વયે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ:–**

(૧) અરજદારની અરજી મંજૂર કરવામાં આવે છે.
(૨) આણંદના ત્રીજા એડી.સેશન્સ કોર્ટમાં ચાલતા સેશન્સ કેસ નં.૨૯/૨૦૨૦ તથા સેશન્સ કેસ નં.૩૪/૨૦૨૦ ને ટ્રાન્સફર કરી ખંભાત સેશન્સ કોર્ટમા ચાલતા સેશન્સ કેસ નં.૨/૨૦૨૨,સે.કે.નં.૩/૨૦૨૨,સે.કે.નં.૫/૨૦૨૨,સે.કે.નં.૭/૨૦૨૨,સે.કે.નં.૮/૨૦૨૨ ની સાથે ચલાવવા માટે ટ્રાન્સફર કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) સદર હુકમની સંબધીત અદાલતોને જરૂરી યાદી કરવી

આ હુકમ આજ રોજ તારીખ ૨૧ માહે ઓક્ટોબર સને ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી,મારી સહી કરી જાહેર કર્યો.

આણંદ
તા.૨૧/૧૦/૨૦૨૨

સહી/અવાચ્ય
(વિક્રમસીંઘ બી.ગોહીલ)
સત્ર ન્યાયાધીશ
આણંદ

નામ.કોર્ટના ઉપરોક્ત હુકમની નોંધ લઈ આગળની કાર્યવાહી કરવા નોંધ કરશો.

હુકમથી

ડેપ્યુટી રજીસ્ટ્રારશ્રી
ફોજદારી શાખા,
જીલ્લા ન્યાયાલય,આણંદ

**નોંધઃ આ સાથે ફોજદારી પરચૂરણ અરજી નં.૬૧૭/૨૦૨૨ ના કામે આંક-- ૧લગત થયેલ હુકમની નકલ સામેલ છે.**

7/11/22

SC/29/20 તથા 34/20 નાં અસલ રેકર્ડ મળેલ છે

ક્રિ.પ્રા.અરજી નં. ૬૧૭/૨૦૨૨

**<u>આંક–૧ લગત હુકમ.</u>**

૧) અરજદાર સરકાર તર્ફે સ્પે.પબ્લીક પ્રોસીકયુટર શ્રી રઘુવીર એન.પંડયા એ ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૪૦૮ મુજબની અરજી આપી ખંભાત ના એડીશ્નલ સેશન્સ જજશ્રી ની કોર્ટમાં ચાલતા સેશન્સ કેસ નં. ૨/૨૦૨૨, સે.કે.નં. ૩/૨૦૨૨, સે.કે.નં. ૫/૨૦૨૨, સે.કે.નં. ૭/૨૦૨૨, સે.કે.નં. ૮/૨૦૨૨ કે જે ખંભાત તાલુકાની હકુમત ના હોય હાલમાં ખંભાત એડીશ્નલ સેશન્સ કોર્ટમાં ચાલતા હોઈ તેમજ આજ આરોપીઓ સામેના અન્ય સેશન્સ કેસ નં. ૨૯/૨૦૨૦, સે.કે.નં. ૩૪/૨૦૨૦ કે જે વિરસદ પો.સ્ટે ના ગુનાના હોય અને તે કેસો આણંદ ના ત્રીજા એડીશ્નલ સેશન્સ કોર્ટ માં ચાલતા હોય તે તમામ કેસો માં આરોપીઓ એક જ હોઈ એક જ પ્રકાર ની મોડસ ઓપરેન્ડી થી જુદી જુદી વ્યકિતઓને ભોગ બનાવેલ હોઈ અને ન્યાયીક પ્રક્રિયા સરળ બને જેથી ખંભાત કોર્ટમાં ચાલતા સેશન્સ કેસો આણંદ ની કોર્ટમાં તબદીલ કરવા અથવા આણંદ ની કોર્ટમાં ચાલતા કેસો ખંભાત ની કોર્ટમાં તબદીલ કરવા માટે અરજ ગુજારેલ છે.

૨) અરજદાર સરકાર તરફે સ્પે.પબ્લીક પ્રોસીકયુટર શ્રી રઘુવીર એન.પંડયા હાજર છે. સામાવાળા ઓ જેલમાં હોય તેઓને જેલ ઓથોરીટી થ્રુ નોટીસ ની બજવણી કરવામાં આવેલ છે.

૩) આ કોર્ટ ધ્વારા અગાઉ ક્રિ.પ્રા.અરજી નં. ૪૨૬/૨૦૨૧ તારીખ–૦૯/૦૮/૨૦૨૧ ના રોજ મારા અગાઉના પ્રિસાઈડીંગ ઓફીસરશ્રી એ હુકમ કરી અરજીમાં જણાવેલ સેશન્સ કેસો એડીશ્નલ સેશન્સ કોર્ટમાં ચલાવવાનો હુકમ કરેલ છે.

૪) અરજી વંચાણે લીધી. પક્ષકારોના વિ.વકીલશ્રીને સાંભળ્યા. ફોજદારી કાર્યરીતી સંહિતા ની કલમ–૪૦૮ ની જોગવાઈને ઘ્યાને લીધી. અરજદારે અરજીમાં જણાવેલ સેશન્સ કેસો ટ્રાન્સફર કરવા અરજ કરેલી છે. સેશન્સ કેસ નં. ૨/૨૦૨૨, સે.કે.નં. ૩/૨૦૨૨, સે.કે.નં. ૫/૨૦૨૨, સે.કે.નં. ૭/૨૦૨૨, સે.કે.નં. ૮/૨૦૨૨ તેમજ આણંદ ના ત્રીજા એડીશ્નલ સેશન્સ કોર્ટમાં ચાલતા સેશન્સ કેસ નં. ૨૯/૨૦૨૦, સે.કે.નં. ૩૪/૨૦૨૦ ના તમામ કેસોમાં આરોપીઓ એક જ છે અને એકજ પ્રકાર ની મોડસ ઓપરેન્ડી થી જુદી જુદી વ્યકિતઓને ભોગ બનાવ્યાનો આક્ષેપ છે.આમ આણંદ ની સેશન્સ કોર્ટમાં ચાલતા કેસો અન્ય સેશન્સ કેસો સાથે ભેગા કરવાથી પક્ષકારોની સગવડતા જળવાય તેમ છે તમામ કેસો એકજ કોર્ટમાં ચાલે તો કોઈ પક્ષકારને નુકશાન જાય તેમ

ANAND

હોવાનું જણાતું નથી. અને હાલના કેસમાં કોઈપણ જજ સામે તેઓનું મનોબળ તોડી પાડવા માટે કે ન્યાયતંત્ર ને નબળું પાડવા માટે કોઈ આક્ષેપ કરેલા હોય અને કેસ ફેરબદલી કરવા માટેની અરજી કરેલ હોય તેવું પણ નથી. આમ ફેરબદલીનું યોગ્ય અને વ્યાજબી કારણ જણાઈ આવતું હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

અરજદાર ની અરજી મંજુર કરવામાં આવે છે.

આણંદ ના ત્રીજા એડીશનલ સેશન્સ કોર્ટ માં ચાલતા સેશન્સ કેસ નં. ૨૯/૨૦૨૦ તથા સેશન્સ કેસ નં. ૩૪/૨૦૨૦ ને ટ્રાન્સફર કરી ખંભાત સેશન્સ કોર્ટમાં ચાલતા સેશન્સ કેસ નં. ૨/૨૦૨૨, સે.કે.નં. ૩/૨૦૨૨, સે.કે.નં. ૫/૨૦૨૨, સે.કે.નં. ૭/૨૦૨૨, સે.કે.નં. ૮/૨૦૨૨ ની સાથે સેશન્સ અદાલત ખંભાત માં ચલાવવા માટે ટ્રાન્સફર કરવાનો હુકમ કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

સબંધીત અદાલત ને હુકમ ની નકલ સાથે યાદી કરવી.

આ હુકમ આજરોજ તારીખ-૨૧ મી માહે.ઓકટોબર સને.૨૦૨૧ ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

આણંદ.

તારીખ-૨૧/૧૦/૨૦૨૨

(વિ.બી.ગોહીલ)
મુખ્ય સત્ર ન્યાયાધીશ,
આણંદ.